MCX મેટલ અને એનર્જી
વિશ્વાસ સાથે વેપાર

**એમસીએક્સ ડેઈલી રિપોર્ટ...**

# એમસીએક્સ પર કૃષિચીજોના વાયદાના ભાવમાં તીવ્ર ઘટાડોઃ સોના-ચાંદી, ક્રૂડ તેલમાં પણ નરમાઈ

## કોમડેક્સ ૧૩.૫૮ પોઈન્ટ ઘટી ૨૭૪૪.૯૭: એગ્રી ઈન્ડેક્સ ૨૫.૦૯ પોઈન્ટ અને એનર્જી ઈન્ડેક્સ ૧૬.૧૫ પોઈન્ટ તૂટ્યા

મુંબઈ, તા.૨૬

આજે નવા સપ્તાહના પ્રારંભને દિને સાંજના પાંચ વાગ્યા સુધીના પ્રથમ સત્રમાં એમસીએક્સનું ટર્નઓવર ઘણું સારું થયું હતું. આજે આ સત્રમાં ૨,૦૪,૪૭૧ સોદામાં રૂ.૧૨,૪૪૪.૮૦ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં સોના-ચાંદીનો હિસ્સો રૂ.૫,૧૬૧.૬૪ કરોડનો હતો.

સોનામાં આજે ૩૦,૦૨૯ સોદામાં રૂ.૩,૫૫૮.૪૫ કરોડનાં ૧૯,૪૯૪ કિલોનો ધંધો થયો હતો. ઓપન ઈન્ટરેસ્ટ ૩૦,૭૫૦ કિલો હતો. ચાલુ વાયદામાં ૧૩,૩૯૨ સોદામાં રૂ.૩,૨૦૮.૩૯ કરોડનાં ૧૭,૫૭૬ કિલોનો વેપાર થયો હતો. ઓપન ઈન્ટરેસ્ટ ૨૫,૨૭૪ કિલો હતો. મિની વાયદામાં ૧૩,૯૫૫ સોદામાં રૂ.૩૪૪.૧૨ કરોડનાં ૧,૮૮૬ કિલોનો ધંધો થયો હતો. ઓપન ઈન્ટરેસ્ટ ૫,૧૬૬ કિલો હતો. ગિનીમાં ૨,૬૮૨ સોદામાં રૂ.૫.૯૪ કરોડની ૩૨ કિલો ગિનીનો વેપાર થયો હતો અને ઓપન ઈન્ટરેસ્ટ ૧૩૦ કિલો હતો. સોનાના બધા વાયદા આજે ઘટીને બંધ રહ્યા હતા. ઘટાડાની રેન્જ જોકે રૂ.૧૪થી રૂ.૩૩ જેટલી સાંકડી હતી. ચાલુ વાયદામાં ઓગસ્ટ રૂ.૩૧ ઘટી રૂ.૧૮,૨૨૬, ઓક્ટોબર રૂ.૩૩ ઘટી રૂ.૧૮,૩૧૨, ડિસેમ્બર રૂ.૧૮ ઘટી રૂ.૧૮,૩૮૬ અને ફેબ્રુઆરી-૧૧ રૂ.૧૪ ઘટી રૂ.૧૮,૪૬૬ રહ્યા હતા. મિની વાયદામાં ઓગસ્ટ રૂ.૨૮ ઘટી રૂ.૧૮,૨૧૨, સપ્ટેમ્બર રૂ.૩૦ ઘટી રૂ.૧૮,૨૮૯ અને ઓક્ટોબર રૂ.૩૧ ઘટી રૂ.૧૮,૩૨૪ બંધ રહ્યા હતા. ગિનીના ત્રણ વાયદા રૂ.૭થી રૂ.૪૧ની રેન્જમાં ઘટ્યા હતા. ગિનીનો જુલાઈ વાયદો રૂ.૪૧ ઘટી રૂ.૧૪,૭૨૨, ઓગસ્ટ રૂ.૧૩ ઘટી રૂ.૧૪,૭૪૫ અને સપ્ટેમ્બર રૂ.૭ ઘટી રૂ.૧૪,૭૭૩ બંધ રહ્યા હતા.

ચાંદીમાં ૨૭,૨૧૯ સોદામાં રૂ.૧,૬૦૩.૧૯ કરોડની ૫૫૦.૫૭૦ ટન ચાંદીનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ ૭૫૮.૨૨૦ ટનનો હતો. ચાલુ વાયદામાં ૧૧,૪૪૬ સોદામાં રૂ.૧,૩૧૫.૦૧ કરોડની ૪૫૧.૫૯૦ ટન અને મિની વાયદામાં ૧૫,૭૭૩ સોદામાં રૂ.૨૮૮.૧૮ કરોડની ૯૮.૯૮૦ ટન ચાંદીનો વેપાર થયો હતો. ઓપન ઈન્ટરેસ્ટ ૧૫૮.૦૭૦ ટનનો હતો. ચાંદીના મે-૨૦૧૧ સિવાયના બધા વાયદામાં ઘટાડો હતો. ભાવ રૂ.૮૪થી રૂ.૧૧૧ની રેન્જમાં ઘટ્યા હતા. માત્ર મે-૧૧નો ચાલુ વાયદો રૂ.૧૧૦ વધી રૂ.૨૯,૪૦૪ બંધ રહ્યો હતો. ચાલુ વાયદામાં સપ્ટેમ્બર રૂ.૧૦૯ ઘટી રૂ.૨૯,૦૩૪, ડિસેમ્બર રૂ.૧૦૬ ઘટી રૂ.૨૯,૧૩૩, માર્ચ-૧૧ રૂ.૯૪ ઘટી રૂ.૨૯,૨૫૧ રહ્યા હતા. મિની વાયદામાં ઓગસ્ટ રૂ.૧૦૬ ઘટી રૂ.૨૯,૦૩૪, નવેમ્બર રૂ.૧૧૧ ઘટી રૂ.૨૯,૧૨૬, માર્ચ-૧૧ રૂ.૯૮ ઘટી રૂ.૨૯,૨૩૧ અને એપ્રિલ રૂ.૯૮ ઘટી રૂ.૨૯,૫૩૭ બંધ રહ્યા હતા.

બિનલોહ ધાતુઓમાં નિકલ, એલ્યુમિનિયમ અને સીસામાં સુધારો હતો. તાંબુ નરમ હતું, પણ જસતમાં મિશ્ર વધઘટ હતી. તાંબાના બંને વાયદા રૂ.૧થી રૂ.૧.૨૫ ઘટ્યા હતા, જ્યારે જસતના મિની સહિતના બધા વાયદામાં ૧૦થી ૩૫ પૈસાની વધઘટ હતી. નિકલના ત્રણેય વાયદા રૂ.૨.૯૦થી રૂ.૫.૮૦, એલ્યુમિનિયમના ત્રણેય વાયદા ૧૦થી ૨૦ પૈસા અને સીસાના મિની સહિતના બધા વાયદા ૫થી ૧૫ પૈસા સુધર્યા હતા. તાંબામાં ૪૦,૯૯૨ સોદામાં રૂ.૨,૨૪૨.૪૩ કરોડનાં ૬૭,૮૮૧ ટન, નિકલમાં રૂ.૧,૦૫૧.૫૬ કરોડનાં ૧૦,૯૧૬.૨૫૦ ટન, એલ્યુમિનિયમમાં રૂ.૧૪૧.૨૩ કરોડનાં ૧૪,૮૧૫ ટન, સીસામાં રૂ.૫૭૨.૨૭ કરોડનાં ૬૨,૧૭૦ ટન, મિની સીસામાં રૂ.૬૭.૨૫ કરોડનાં ૭,૩૦૫ ટન, જસતમાં રૂ.૬૦૪.૪૨ કરોડનાં ૬૭,૧૯૫ ટન અને મિની જસતમાં રૂ.૯૭.૮૮ કરોડનાં ૧૦,૮૮૨ ટનનો ધંધો થયો હતો. ઓપન ઈન્ટરેસ્ટ તાંબામાં ૪૫,૨૯૦ ટન, નિકલમાં ૩,૬૧૮.૭૫૦ ટન, એલ્યુમિનિયમમાં ૧૬,૦૬૫ ટન, સીસામાં ૪૮,૧૭૫ ટન, મિની સીસામાં ૬,૪૬૮ ટન, જસતમાં ૪૧,૦૮૦ ટન અને મિની જસતમાં ૬,૩૩૨ ટનનો હતો.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં રૂ.૨,૧૧૭.૭૮ કરોડનાં ૫૭.૧૮ લાખ બેરલ્સથી વધુ અને નેચરલ ગેસમાં રૂ.૧૫૫.૯૭ કરોડનાં ૭૨,૭૩,૭૫૦ એમએમબીટીયૂના સારા વેપાર વચ્ચે ક્રૂડ તેલમાં ઓપન ઈન્ટરેસ્ટ ૩૩,૮૬,૯૦૦ બેરલ્સનો રહ્યો હતો. ક્રૂડ, બ્રેન્ટ ક્રૂડ તેલ તેમ જ નેચરલ ગેસના ભાવ સપ્તાહના કામકાજના પ્રથમ દિને નરમ બોલાયા હતા. ક્રૂડ ઓગસ્ટ વાયદો રૂ.૩૨ ઘટી રૂ.૩,૬૮૮, સપ્ટેમ્બર રૂ.૨૯ ઘટી રૂ.૩,૭૧૯, ઓક્ટોબર રૂ.૨૨ ઘટી રૂ.૩,૭૫૬, નવેમ્બર રૂ.૧૪ ઘટી રૂ.૩,૭૮૯ અને ડિસેમ્બર રૂ.૨૧ ઘટી રૂ.૩,૮૨૮ બંધ થયા હતા. બ્રેન્ટ ક્રૂડનો ઓગસ્ટ વાયદો રૂ.૧૪ ઘટી રૂ.૩,૬૩૦ રહ્યો હતો. નેચરલ ગેસમાં પણ ત્રણે વાયદા ઘટીને બંધ થયા હતા.

કૃષિચીજો, તેલ-તેલીબિયાં અને અન્ય કોમોડિટીઝના વાયદામાં રિફાઈન્ડ સોયાતેલમાં રૂ.૨૬.૧૮ કરોડનાં ૫,૪૮૦ ટનનાં કામકાજ અને ઓપન ઈન્ટરેસ્ટ ૬,૦૩૦ ટન, સીપીઓમાં રૂ.૪૨.૮૪ કરોડનાં ૧૧,૧૪૦ ટનનાં કામકાજ અને ઓપન ઈન્ટરેસ્ટ ૩૯,૩૫૦ ટન, ચણા-દિલ્હીમાં રૂ.૩.૫૬ કરોડનાં ૧,૫૬૦ ટનના વેપાર અને ઓપન ઈન્ટરેસ્ટ ૧૭,૩૯૦ ટન, એલચીમાં રૂ.૩૫.૦૧ કરોડનાં ૨૩૧ ટન અને ઓપન ઈન્ટરેસ્ટ ૪૪૪ ટન, બટેટામાં રૂ.૩૪.૫૩ કરોડનાં ૯૦,૬૬૦ ટનના વેપાર અને ઓપન ઈન્ટરેસ્ટ ૧,૬૩,૦૮૦ ટન, મેન્થા તેલમાં રૂ.૫૨.૫૮ કરોડનાં ૭૫૦ ટનના વેપાર અને ઓપન ઈન્ટરેસ્ટ ૩૧૧૧ ટન, ગુવારસીડમાં રૂ.૧.૨૯ કરોડનાં ૫૬૦ ટનનાં કામકાજ અને ઓપન ઈન્ટરેસ્ટ ૮૪૦ ટન, મકાઈમાં રૂ.૪.૭૯ કરોડનાં કામકાજ અને ઓપન ઈન્ટરેસ્ટ ૫,૨૪૦ ટન તથા જવમાં રૂ.૩૧.૩૯ કરોડનાં ૨૯,૯૬૦ ટનનાં કામકાજ અને ઓપન ઈન્ટરેસ્ટ ૯,૨૬૦ ટનનો રહ્યો હતો. બદામમાં ૨ ટનનો વેપાર થયો હતો.

ચણા-દિલ્હીના ભાવ રૂ.૫૭થી રૂ.૭૦ની રેન્જમાં તૂટ્યા હતા. ચણા-દિલ્હીનો ઓગસ્ટ વાયદો રૂ.૭૦ ઘટી રૂ.૨,૨૫૩ રહ્યો હતો. રિફાઈન્ડ સોયાતેલ, સીપીઓ, એલચી, બટેટા, મેન્થા તેલ, ગુવારસીડ, બદામના વાયદા નરમ હતા. મકાઈમાં સપ્ટેમ્બરના અપાવાદરૂપ વાયદામાં સુધારા સિવાય બીજા વાયદા નરમ હતા. મકાઈ સપ્ટેમ્બર રૂ.૧૯.૫૦ સુધરી રૂ.૧,૧૯૧.૫૦ બંધ થયો હતો. જવ વાયદામાં ૬૦ પૈસાથી રૂ.૪.૨૦ની રેન્જમાં સુધારો થયો હતો. જવ ડિસેમ્બર વાયદો રૂ.૪.૨૦ વધી રૂ.૧,૨૫૮.૮૦ બંધ થયો હતો.

કોમડેક્સ આજે ૧૩.૫૮ પોઈન્ટ ઘટી ૨૭૪૪.૯૭, મેટલ ઈન્ડેક્સ ૩.૩૦ પોઈન્ટ ઘટી ૩૩૩૦.૧૪, એનર્જી ઈન્ડેક્સ ૧૬.૧૫ પોઈન્ટ ઘટી ૧૬૮૧.૮૬ તથા એગ્રી ઈન્ડેક્સ ૨૫.૦૯ પોઈન્ટ ઘટી ૨૨૪૯.૦૬ બંધ હતા.

દાવાત્યાગ : આ રિપોર્ટ ફક્ત સામાન્ય જાણકારી આપવાના ઉદ્દેશથી બનાવાયો છે, જોકે એક્સચેન્જે વાસ્તવિક જાણકારી આપવાનો દરેક શક્ય પ્રયાસ કર્યો છે. આ રિપોર્ટ એ શરતે ઉપલબ્ધ છે કે આમાં રહેલી કોઈ ભૂલચૂકને દાવા, માગ કે કાનૂની કાર્યવાહી માટે આધાર બનાવી શકાશે નહી. * ટર્નઓવરનો આંકડો ગઈકાલ રાતના અને આજના દિવસના સત્રનો સંયુક્ત છે.

MCX
મેટલ અને એનર્જી
વિશ્વાસ સાથે વેપાર

## એમસીએક્સના વાયદાના ભાવ

| કોમોડિટી | પાકતી તારીખ | ખૂલી | વધી | ઘટી | બંધ | વધઘટ |
|---|---|---|---|---|---|---|
| ગોલ્ડ-ગિની | ૩૧-૦૭-૧૦ | ૧૪૭૫૮.૦૦ | ૧૪૭૭૨.૦૦ | ૧૪૭૧૭.૦૦ | ૧૪૭૨૨.૦૦ | -૪૧.૦૦ |
| સોનું-મિની | ૦૫-૦૮-૧૦ | ૧૮૨૩૦.૦૦ | ૧૮૨૬૦.૦૦ | ૧૮૨૦૨.૦૦ | ૧૮૨૧૨.૦૦ | -૨૮.૦૦ |
| સોનુ | ૦૫-૦૮-૧૦ | ૧૮૨૫૫.૦૦ | ૧૮૨૭૪.૦૦ | ૧૮૨૧૬.૦૦ | ૧૮૨૨૬.૦૦ | -૩૧.૦૦ |
| ચાંદી-મિની | ૩૧-૦૮-૧૦ | ૨૯૧૭૨.૦૦ | ૨૯૨૧૩.૦૦ | ૨૮૯૫૦.૦૦ | ૨૯૦૩૪.૦૦ | -૧૦૬.૦૦ |
| ચાંદી | ૦૪-૦૯-૧૦ | ૨૯૧૬૦.૦૦ | ૨૯૨૧૫.૦૦ | ૨૮૯૫૦.૦૦ | ૨૯૦૩૪.૦૦ | -૧૦૯.૦૦ |
| તાંબુ | ૩૧-૦૮-૧૦ | ૩૩૦.૬૦ | ૩૩૧.૮૦ | ૩૨૮.૦૫ | ૩૩૦.૬૦ | -૧.૦૦ |
| નિકલ | ૩૦-૦૭-૧૦ | ૯૫૬.૪૦ | ૯૭૧.૮૦ | ૯૫૦.૦૦ | ૯૬૩.૮૦ | ૩.૯૦ |
| એલ્યુમિનિયમ | ૩૦-૦૭-૧૦ | ૯૫.૦૦ | ૯૫.૭૫ | ૯૪.૫૦ | ૯૫.૨૫ | ૦.૨૦ |
| સીસું | ૩૦-૦૭-૧૦ | ૯૧.૭૫ | ૯૨.૭૦ | ૯૧.૧૦ | ૯૨.૦૦ | ૦.૦૫ |
| સીસુ-મિની | ૩૦-૦૭-૧૦ | ૯૨.૦૦ | ૯૨.૬૫ | ૯૧.૧૦ | ૯૨.૦૦ | ૦.૦૫ |
| જસત-મિની | ૩૦-૦૭-૧૦ | ૮૯.૯૫ | ૯૦.૫૦ | ૮૮.૮૦ | ૮૯.૬૫ | -૦.૧૦ |
| જસત | ૩૦-૦૭-૧૦ | ૮૯.૫૦ | ૯૦.૪૫ | ૮૮.૮૫ | ૮૯.૬૦ | -૦.૧૦ |
| ક્રૂડ તેલ | ૧૯-૦૮-૧૦ | ૩૭૧૯.૦૦ | ૩૭૧૯.૦૦ | ૩૬૮૫.૦૦ | ૩૬૮૮.૦૦ | -૩૨.૦૦ |
| બ્રેન્ટ ક્રૂડ તેલ | ૧૦-૦૮-૧૦ | ૩૬૩૭.૦૦ | ૩૬૪૩.૦૦ | ૩૬૧૯.૦૦ | ૩૬૩૦.૦૦ | -૧૪.૦૦ |
| નેચરલ ગેસ | ૨૭-૦૭-૧૦ | ૨૧૪.૪૦ | ૨૧૪.૮૦ | ૨૧૩.૬૦ | ૨૧૪.૪૦ | -૧.૧૦ |
| રિફા. સોયા તેલ | ૧૪-૦૮-૧૦ | ૪૮૧.૦૦ | ૪૮૧.૦૦ | ૪૭૪.૦૦ | ૪૭૪.૯૦ | -૬.૯૫ |
| સીપીઓ | ૩૧-૦૭-૧૦ | ૩૮૭.૬૦ | ૩૮૯.૦૦ | ૩૮૭.૪૦ | ૩૮૮.૪૦ | -૧.૦૦ |
| ચણા-દિલ્હી | ૨૦-૦૮-૧૦ | ૨૩૦૫.૦૦ | ૨૩૧૧.૦૦ | ૨૨૪૭.૦૦ | ૨૨૫૩.૦૦ | -૭૦.૦૦ |
| એલચી | ૧૪-૦૮-૧૦ | ૧૬૬૫.૦૦ | ૧૬૯૦.૦૦ | ૧૬૪૫.૦૦ | ૧૬૬૬.૯૦ | -૨.૭૦ |
| બટેટા-આગ્રા | ૧૪-૦૮-૧૦ | ૩૮૧.૦૦ | ૩૮૫.૬૦ | ૩૭૫.૩૦ | ૩૭૫.૩૦ | -૧૫.૬૦ |
| મેન્થા તેલ | ૩૧-૦૭-૧૦ | ૬૮૪.૯૦ | ૬૮૬.૮૦ | ૬૮૧.૧૦ | ૬૮૩.૬૦ | -૨.૮૦ |
| ગુવારસીડ | ૨૦-૦૮-૧૦ | ૨૩૨૫.૦૦ | ૨૩૨૫.૦૦ | ૨૨૯૫.૦૦ | ૨૨૯૫.૦૦ | -૭૧.૦૦ |
| મકાઈ | ૨૦-૦૮-૧૦ | ૧૧૪૦.૦૦ | ૧૧૪૨.૦૦ | ૧૧૧૧.૦૦ | ૧૧૧૪.૫૦ | -૨૨.૦૦ |
| બદામ | ૩૦-૦૯-૧૦ | ૩૨૯.૦૦ | ૩૩૦.૦૦ | ૩૨૫.૨૫ | ૩૨૮.૦૦ | -૨.૦૦ |
| જવ | ૨૦-૦૮-૧૦ | ૧૧૪૬.૦૦ | ૧૧૫૦.૦૦ | ૧૧૪૦.૦૦ | ૧૧૪૨.૨૦ | ૦.૬૦ |

દાવાત્યાગ : આ રિપોર્ટ/ભાવકોપી ફક્ત સામાન્ય જાણકારી આપવાના ઉદ્દેશથી બનાવાયો છે, જોકે એક્સચેન્જે વાસ્તવિક જાણકારી આપવાનો દરેક શક્ય પ્રયાસ કર્યો છે. આ રિપોર્ટ એ શરતે ઉપલબ્ધ છે કે આમાં રહેલી કોઈ ભૂલચૂકને દાવા, માગ કે કાનૂની કાર્યવાહી માટે આધાર બનાવી શકાશે નહી. * ટર્નઓવરનો આંકડો ગઈકાલ રાતના અને આજના દિવસના સત્રનો સંયુક્ત છે.